GJNV010011492023

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૭/૦૭/૨૦૨૩ |
| દાખલ તારીખ | : | ૦૭/૦૭/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | : | ૨૩/૦૪/૨૦૨૪ |
| અવધિ | : | વર્ષ–માસ– દિન |
| | | ૦૦ –૦૯ – ૧૬ |

**નવસારી જિલ્લાનાં ત્રીજા અધિક  જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.નવસારી.**

**દીવાની પરચુરણ (ગાર્ડીયન) અરજી નં.૫૯/ ૨૦૨૩**

**આંક–**

**અરજદાર :** **વિધ્યાબેન હીરાલાલ પાટીલ**
ઉ.આ.૭૧ વર્ષ, ધંધો: ઘરકામ
રહેવાસી: સાલેજ, મોરા ફળીયા,
તા.ગણદેવી, જી.નવસારી.

વિરૂધ્ધ

**સામાવાળા :** કોઈ નહિ.

---

અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એન.એમ.કાપડીયા

---

:: **ચુકાદો** ::

(૧) આ કામના અરજદારે ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટની કલમ–૭ તથા–૨૯ હેઠળ મોજે સાલેજ, મોરા ફળીયા, તા.ગણદેવી, જી. નવસારીમાં આવેલ ગામતળની જમીન તથા તે ઉપર આવેલ સાલેજ ગ્રામપંચાયત ઘર નં.૯૨ વાળી મિલકત સંબંધે તેમના સગીર પુત્રી ''હેત્વીબેન'' તથા સગીર પુત્ર ''રીધમ'' નો

હિસ્સો ચાલી આવેલ છે તે હિસ્સામાં કાયદેસરના વાલી તરીકે નિમણુંક કરવા તેમજ મિલકત વેચાણ કરવા માટે પરવાનગી આપવા હાલની અરજ કરેલ છે.

**સદર કામે અરજદાર તરફે આંક–૧૬ ની અરજી રજુ કરી તેમની સગીર પુત્રી હેત્વીબેન સગીર મુકત થઈ ગયેલ હોય તેમનું નામ દાદ માંથી ડીલીટ કરવા અરજ કરેલ જે મંજુર કરવામાં આવતા સગીર હેત્વીનું નામ દાદમાંથી કમી કરવામાં આવેલ છે.**

(૨) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર તેમજ તેમના સગીર સંતાનના સંયુકત નામે મોજે સાલેજ, મોરા ફળીયા, તા.ગણદેવી, જી.નવસારી ગ્રામપંચાયત ના હદ વિસ્તારમાં ચાલી આવેલ ગામતળની જમીન તથા તે ઉપર આવેલ સાલેજ ગ્રામપંચાયત ઘર નં.૯૨ વાળી મિલકત ચાલી આવેલ છે. અરજદારના પતિ હીરાલાલ યાદવ પાટીલનું તા.૨૦/૦૫/૨૦૦૩ ના રોજ અવસાન થયેલ છે અને તેના સીધી લીટીના વારસો તરીકે અરજદાર તથા તેમની પુત્રી હેત્વીબેન અને સગીર પુત્ર રીધમના નામો ગામ નમુના નં.૮ આકારણીપત્રકે દાખલ થયેલા છે જે અનુસાર સદર મિલકત અરજદાર તથા તેમના સંતાન હેત્વીબેન અને સગીર રીધમના સંયુકત નામે ચાલી આવેલ છે. અરજદારે તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે, ઉપર વર્ણવેલ રહેણાંકના મકાન ઉપરાંત તેમના મર્હુમ પતિ હીરાલાલ યાદવ પાટીલનાઓએ અન્ય એક રહેણાંક મકાન મોજે–સાલેજ, તા.ગણદેવીના મોરા ફળીયામા પ્રાપ્ત કરેલ છે જેનો સાલેજ ગ્રામ પંચાયત ઘર નં.૯૦ છે. સદર મકાન અરજદાર તથા તેમના સંતાનોના રહેઠાણ માટે પુરતુ છે, તેમને તથા તેમના સગીર સંતાનના ભરણપોષણ માટે તથા સગીરના અભ્યાસ વિગેરે ખર્ચ માટે રકમની જરૂર છે. વધુમાં અરજદારે જણાવેલ છે કે, તેઓ કોઈ નોકરી ધંધો કરતા નથી કે તેમને કોઈ હુન્નર આવડતો નથી જેથી કમાઈને તેઓ તેમનું તથા

તેમના સગીર સંતાનનું ભરણપોષણ કરવા તથા તેમના અભ્યાસ અર્થે ખર્ચ કરવા સક્ષમ નથી જેથી ઉપરોકત સાલેજ ગ્રામપંચાયત ઘર નં.૯૨ વાળી સ્થાવર મિલકતમાં તેમના સગીર સંતાન રીધમના ગાર્ડીયનની નિમણુંક કરવા તેમજ તેમના વતી વેચાણ કરવા માટે નામદાર કોર્ટની પરવાનગી મેળવવી જરૂરી હોવાથી હાલની અરજ કરેલ છે.

(૩) અરજદારની અરજીના અનુસંધાને, કારણદર્શક નોટિસ પ્રસિધ્ધ કરાવવામાં આવેલ છે તથા જાહેર નોટિસ દિવ્ય ભાસ્કર દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે આંક–૨૭ થી રજુ છે જેમા સંબંધકર્તા વ્યકિતને અરજદારની હાલની અરજી અન્વયે માંગવામાં આવેલ દાદ સબંધે કોઈ વાંધો અથવા હકક–હિત હોય તો, તે રજૂ કરવા જણાવવામાં આવેલ પરંતુ અરજદારની હાલની અરજીના અનુસંધાને કોઈએ પણ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને પોતાનો વાંધો–વિરોધ નોંધાવ્યો નથી.

(૪) આ કામે અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી તેમજ રજૂ દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લીધા.

(૫) ઉપરની હકીકતો ઉપરથી મારા નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

૧. શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ તેમના સગીર પુત્ર રીધમના ગાર્ડીયન તરીકે નિમણુંક પામવા અને તેઓ વતી અરજના વિષયવાળી મિલકત વેચાણ કરવાની મંજૂરી મેળવવા હકકદાર છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે:–

૧. હકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**: <u>કા ર ણો</u> :**

(૭) **<u>મુદ્દા નં.૧</u> :–**

અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા, અરજી વંચાણે લીધી તથા આ કામે રજુ અરજદારનું સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા.

(૮) અરજદાર તરફે **આંક–૦૯** થી સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર–૧૮, રૂલ–૪ મુજબનું સોગંદનામું રજૂ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા તેમણે અરજીની હકીકતોને સોગંદનામામાં દોહરાવેલ છે.

(૯) અરજદારે તેમની અરજીના સમર્થનમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

**મૌખિક પુરાવો.**

| **અ.નં.** | **મૌખિક પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | અરજદાર વિધ્યાબેન હીરાલાલ પાટીલનું સરતપાસનું સોગંદનામું | ૦૯ |

**દસ્તાવેજી પુરાવો.**

| **અ.નં.** | **દસ્તાવેજી પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | અરજદારના આધારકાર્ડની નકલ | ૧૪ |
| ૨ | અરજદારની દિકરી હેત્વીના આધારકાર્ડની નકલ | ૧૫ |
| ૩ | અરજદારની દિકરી હેત્વીના જન્મનાદાખલાની નકલ | ૧૬ |
| ૪ | અરજદારના સગીર દિકરા રીધમના આધારકાર્ડની નકલ | ૧૭ |

| | | |
|---|---|---|
| ૫ | અરજદારના સગીર દિકરા રીધમના જન્મના દાખલાની નકલ | ૧૮ |
| ૬ | અરજદારના પતિ હીરાલાલ યાદવ પાટીલના મરણના દાખલાની ખરી નકલ | ૧૯ |
| ૭ | અરજદારના પતિ હીરાલાલ યાદવ પાટીલના પેઢીનામાની નકલ | ૨૦ |
| ૮ | અરજદારના પતિ હીરાલાલ યાદવ પાટીલના વારસાઈની તલાટી કમ મંત્રીશ્રીએ આપેલ ઠરાવની ખરી નકલ | ૨૧ |
| ૯ | અરજદારના પતિ હીરાલાલ યાદવ પાટીલે ખરીદ કરેલ મિલકત રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૭૯/૧૮ ની ખરી નકલ | ૨૨ |
| ૧૦ | સાલેજ ગ્રામ પંચાયત ઘર નં.૯૦ ની આકારણી પત્રકની ખરી નકલ | ૨૩ |
| ૧૧ | સાલેજ ગ્રામ પંચાયત ઘર નં.૯૨ ની આકારણી પત્રકની ખરી નકલ | ૨૪ |
| ૧૨ | સાક્ષી નં.૧ સુનીલકુમાર સુમંતરાય નાયકની આધારકાર્ડની ખરી નકલ | ૨૫ |
| ૧૩ | સાક્ષી નં.૨ કુંતેશકુમાર ભીખુભાઈ દેસાઈની આધારકાર્ડની ખરી નકલ | ૨૬ |
| ૧૪ | વર્તમાનપત્ર દિવ્યભાસ્કરમાં આપેલ નોટીશ | ૨૭ |
| ૧૫ | પેપર બીલ | ૨૮ |
| ૧૬ | અરજદારની દિકરી હેત્વીના જન્મના દાખલાની ખરી નકલ | ૨૯ |
| ૧૭ | મર્હુમ હીરાલાલ પાટીલના પેઢીનામાની ખરી નકલ | ૩૦ |
| ૧૮ | સાલેજ ગ્રામ પંચાયત ઘર નં.૯૦ ની આકારણી પત્રકની ખરી નકલ | ૩૩ |
| ૧૯ | સાલેજ ગ્રામ પંચાયત તરફથી આપવામાં આવેલા દાખલાની ખરી નકલ | ૩૪ |

**(૧૦)** અરજદારે હાલની અરજી અન્વયે તેના સગીર સંતાનના ગાર્ડીયન તરીકે નિમણુંક કરવા અને તેમના વતી અને તર્ફે મિલકત વેચાણ કરવા અને વેચાણ દસ્તાવેજમાં સહી કરવા પરવાનગી મેળવવા દાદ માંગેલ છે. આવા કિસ્સામાં કોર્ટે

એ લક્ષમાં લેવાનું રહે છે કે, જે હિત ધરાવનાર વ્યકિત છે, તેના હિતનું રક્ષણ અને કલ્યાણ થાય. અરજદારની અરજીની હકીકતો તથા કેસના રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતાં **આંક–૨૩** થી સાલેજ ગ્રામ પંચાયત ઘર નં.૯૦ ની આધારણી પત્રકની ખરી નકલ તથા **આંક–૨૪** તથા **આંક–૩૩** થી સાલેજ ગ્રામ પંચાયત ઘર નં.૯૨ ની આકારણી પત્રકની ખરી નકલ રજુ કરેલ છે જે ધ્યાને લેતા તેમાં અરજદાર તથા તેમના સંતાનો હેત્વીબેન હીરાલાલ પાટીલ તથા સગીર રીધમ હીરાલાલ પાટીલના નામો જણાય આવે છે.

**(૧૧)** આ કામે **આંક–૧૯** થી અરજદારના મરહૂમ પતિ હિરાલાલ યાદવ પાટીલનો મરણ દાખલો રજુ કરેલ છે તે ધ્યાને લેતા હિરાલાલ યાદવ પાટીલનું તારીખ: ૨૮.૧૧.૨૦૨૦ ના રોજ અવસાન થયેલ હોવાની હકિકતને સમર્થન મળે છે. મરહૂમ હિરાલાલ યાદવ પાટીલના હાલના અરજદાર તથા તેમના સંતાનો હેત્વી અને સગીર રીધમ કાયદેસરના સીધી લીટીના વારસદારો છે. મરહૂમ હિરાલાલ યાદવ પાટીલ મોજે નવસારી ડીસ્ટ્રીકટ ગણદેવી સબ–ડીસ્ટ્રીકટના મોજે સાલેજ, ગ્રામપંચાયત હદમાં મોરા ફળીયામાં આવેલ ગામતળની જમીન તથા તે ઉપર આવેલ સાલેજ ગ્રામપંચાયત ઘર નં.૯૨ વાળી મિલકત ધારણ કરતા હતા અને મરહૂમ હિરાલાલ યાદવ પાટીલનું અવસાન થતાં, સાલેજ ગ્રામપંચાયતના રેકર્ડ દફતરે ઠ.નં. ૧૨/૦૩, ઠ.તારીખ ૦૨/૧૦/૨૦૨૧ થી મરહૂમ હિરાલાલ યાદવ પાટીલના સીધી લીટીના વારસદારો તરીકે હાલના અરજદાર વિદ્યાબેન હિરાલાલ પાટીલ તથા તેમના સંતાનો હેત્વી તથા સગીર રીધમના નામો દાખલ કરવામાં આવેલા. આ કામે **આંક–૧૬** થી અરજદારની પુત્રી હેત્વી હિરાલાલ પાટીનો જન્મનો દાખલો જોતા તેની જન્મ તારીખ.૦૧/૦૯/૨૦૦૫ તથા

**આંક–૧૮** થી સગીર પુત્ર રીધમ હિરાલાલ પાટીલનો જન્મનો દાખલો જોતા તેની જન્મ તારીખ.૨૧/૦૮/૨૦૧૫ હોવાનું જણાય આવે છે.

**(૧૨)** આમ, આ કામના અરજદાર તથા તેના સંતાનો સદરહુ મિલકતના સહમાલિક તરીકે સદરહુ મિલકતમાં હિસ્સો ધરાવે છે. અરજદાર તેમના સગીર સંતાનના કુદરતી માતા છે, અને આજદિન સુધી તેણીએ તેના સગીર સંતાનોના કલ્યાણાર્થે કાર્ય કરેલ છે. અરજદાર તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, તેણીના પતિના અવસાન બાદ, અરજદાર એકલા ઉપર તેના સગીર સંતાનનું લાલન–પાલન, ભરણપોષણની જવાબદારી આવી પડેલ છે, અને અરજદાર આ જવાબદારી અથાગ મહેનત કરી પૂરી કરતા આવેલા છે. અરજદાર તેમના સગીર સંતાનને સારું શિક્ષણ આપવા માંગે છે. અરજદાર તથા તેમના સગીર સંતાન હાલમાં જે સ્થાવર મિલકત ધરાવે છે, તે હાલમાં પડતર હોય, કોઈ ઉપજ આવે તેવી શકયતા નથી. અરજદાર તેની જવાબદારી પ્રત્યે સભાન છે, અને તેના સગીર સંતાનના હિતાર્થે અને કલ્યાણ માટે સદરહુ મિલકતમાં અરજદારના સગીર સંતાનના ગાર્ડીયનની નિમણુંક કરવા અને તેમના વતી મિલકત વેચાણ કરવા તેમજ વેચાણ દસ્તાવેજમાં સહી કરવા પરવાનગી માંગેલ છે. સદરહુ મિલકતના અરજદાર પણ સહમાલિક છે. ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતાં, અરજદારના સંતાનો હેતવી તથા સગીર રીધમના અભ્યાસ અર્થે અને તેઓના હિતાર્થે અને કલ્યાણ અર્થે, મિલકત વેચાણ કરવા પરવાનગી આપવી ન્યાયોચિત જણાય છે, જેની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

**: <u>હુકમ</u> :**

(૧) દીવાની પરચુરણ (ગાર્ડીયન) અરજ નં.પ૯/૨૦૨૩ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદાર વિધ્યાબેન હીરાલાલ પાટીલ, રહેવાસી: સાલેજ, મોરાફળીયા, તા.ગણદેવી, જી.નવસારીનાઓને મોજે નવસારી ડીસ્ટ્રીકટ ગણદેવી સબ–ડીસ્ટ્રીકટના મોજે સાલેજ, ગ્રામપંચાયત હદમાં મોરા ફળીયામાં આવેલ ગામતળની જમીન તથા તે ઉપર આવેલ સાલેજ ગ્રામ પંચાયત ઘર નં.૯૨ વાળી મિલકતમાં અરજદારના સગીર સંતાન રીધમ હીરાલાલ પાટીલના ગાર્ડીયન તરીકે નિમણુંક કરવામાં આવે છે અને તેમના વતી મિલકત વેચાણ કરવા નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે :–

૧. અરજદારે આ મિલકત બજાર કિંમતે વેચાણ કરવાની રહેશે તેમજ સદર મિલકત વર્તમાન બજાર કિંમત કરતા ઓછી કિંમતમાં વેચાણ કરી શકશે નહી.

૨. ઉપરોકત મિલકતનો વેચાણ વ્યવહાર પૂર્ણ થયેથી, અરજદારના સગીર સંતાન રીધમના હિસ્સા મુજબની મળેલ વેચાણ અવેજની પૂરેપૂરી રકમ અરજદારે સગીરના કુદરતી વાલી અને ઈષ્ટમિત્ર તરીકે તેમના સગીર સંતાન રીધમ હીરાલાલ પાટીલનામે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં, તેઓ પુખ્ત વયના થાય ત્યાં સુધીના સમયગાળા માટે બાંધી મુદતની થાપણ તરીકે મૂકવી. અરજદાર આ અદાલતની પૂર્વ પરવાનગી વિના બાંધી મુદતની થાપણ ઉપર કોઈ ધીરાણ કે ઉપાડ મેળવી શકશે નહિ, પરંતુ અરજદાર તેમના સગીર સંતાનના વાલી તરીકે સદરહુ થાપણ ઉપર વખતો વખત ચઢતું વ્યાજ મેળવવા હકકદાર રહેશે.

૩. અરજદારે ફીકસ ડીપોઝીટની રકમ તેમના સગીર સંતાનના કલ્યાણ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

૪. ઉપરોકત મિલકત વેચાણના દસ્તાવેજની ખરી નકલ અને શરત નં.૨ માં દર્શાવેલ ફીકસ ડીપોઝીટની રસીદ વેચાણની તારીખથી ત્રણ મહિનાની અંદર અત્રેની અદાલતમાં રજુ કરવાની રહેશે.

૫. અરજદારે આ મિલકતની હાલની બજાર કિંમત દર્શાવતુ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

૬. અરજદાર રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ના જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા તથા ઉપરોકત દર્શાવેલ શરતોનું પાલન કરવાની બાંહેધરી આપ્યેથી આ હુકમ અમલમાં આવશે.

૭. અરજદાર તેમના સગીર સંતાન પુખ્તવયના થાય ત્યાં સુધી જ ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટ મુજબ સગીર સંતાનના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકેના હકકો મેળવવા હકકદાર રહેશે.

(૩) ઉપર જણાવ્યા મુજબ, ગાર્ડીયનશીપ સર્ટીફિકેટ ઈસ્યુ કરવું.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તા.૨૩મી માહે એપ્રિલ, સને ૨૦૨૪ ના રોજ નવસારી મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

(પ્રિતકમલ તીરથ રામ)
થર્ડ એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ,
નવસારી
કોડ નં.જીજે૦૧૫૯૪